# એસેસમેન્ટ અને ટેક્ષ કલેક્શન ખાતુ

## (પશ્ચિમ ઝોન)

**:-કચેરીનું સરનામું:-**

**વિભાગીય ડે.મ્યુનિસિપલ કમિશનરશ્રીની કચેરી,**

**ડો.રમણભાઇ પટેલ ભવન,**

**ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,**

**અમદાવાદ.**

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫

અન્તર્ગત કલમ-૪(૧) બી (૧) મુજબ

પ્રો-એક્ટીવ ડીસ્કલોઝર

અધ્યતન કર્યા તા.૧-૧૨-૨૦૧૩

**(૧) વ્યવસ્થાતંત્ર, કાર્યો અને ફરજો**

**વહીવટી માળખુ**

**ડે.મ્યુનિસિપલ કમિશનર પશ્ચિમઝોન**

⇓

**આસી.મ્યુ.કમિશનર પશ્ચિમઝોન**

⇓

**ડે.એસેસર અને ટેક્સ કલેક્ટર (પશ્ચિમઝોન)**

⇓

**આસી.મેનેજર**

⇓

**ડીવીઝનલ સુપ્રિ.(બીટ)**

⇓

| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
|---|---|---|---|---|---|---|
| વોર્ડ | વોર્ડ | વોર્ડ | વોર્ડ | વોર્ડ | વોર્ડ | વોર્ડ |
| ૫૦૧-૫૦૭ | ૫૦૮-૫૧૪ | ૫૧૫-૫૨૧ | ૫૨૨-૫૨૮ | ૫૨૯-૫૩૬ | ૫૪૧-૫૪૫<br>૫૫૧-૫૫૨ | ૫૬૧ |

## કાર્યો અને ફરજો :-

*એસેસમેન્ટ એન્ડ ટેક્સ કલેકશન ખાતા દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હોઇ વિસ્તારમાં આવેલ તમામ મિલકતો ઉપર મિલકતવેરો ઉઘરાવવાની કામગીરી કરવામાં આવે છે. મિલકતોમાં રહેઠાણ તથા બિનરહેઠાણ મિલકતોનો સમાવેશ થાય છે, જે સાથે જ ભાડુઆત તાબે કે માલિક તાબે મિલકતો વપરાશમાં હોય છે. આ ખાતા દ્વારા ટેક્સની વસુલાત માટે દરેકપ્રોપર્ટીનું એસેસમેન્ટ કરવું જરૂરી હોય છે.*

**કરદાતાઓ તરફથી આવતી નીચે મુજબની અરજીઓનો નિકાલ ટેકસ ખાતા દ્વારા કરવામાં આવે છે.**

- *મિલકતની માલિકીના નામ ટ્રાન્સફર અને મિલકતના કબજેદારના નામમાં ફેરફાર કરવા.*
- *બી.પી.એમ.સી. એકટની કલમ ૪૮૫/૧, રૂલ ૨૦ તથા સરકયુલર નં.૧૪ મુજબ વપરાશના પ્રકારના ધોરણે મિલકતની આકારણી ઘટાડવા અંગે*
- *એકજ મિલકતના બે બિલ આવતા હોય તો વધારાના બિલ રદ કરવા અથવા સમગ્ર મિલકતનું એક બિલ આવતું હોય તો વપરાશના ધોરણે જુદા જુદા બિલ કરવા અંગે*
- *મિલકત ખાલી/બીનવપરાશ અંગે નોંધ રાખી ખાલી મિલકતનો ટેક્સ રીફંડ મેળવવા.*
- *નવી મિલકતનું એસેસમેન્ટ કે જૂની મિલકતોનો વપરાશ બંદલાયો હોય, ભાડાના* દરમાં ફેરફાર *થયો હોય તો આકારણી રીવાઈઝ કરવા અંગે*
- *મ્યુનિસિપલ વેલ્યુએશન અપીલના* ચુકાદાનો *અમલ આપવો.*
- *ચર્તુવર્ષિય આકારણીના વર્ષે જાહેરનામાની* મુદતમાં *વાંધા અરજીઓ સ્વીકારી એપેલેટ ખાતા દ્વારા તેનો પુરાવાના આધારે, સ્થળ તપાસ કરી નિકાલ કરવામાં આવે છે.*

**● નવી મિલકતોની આકારણી અથવા આકારણી રીવાઈઝ કરવા માટે**

નવી મિલકતોનુ એસેસમેન્ટ કરવા અગર ભાડુઆતના ધોરણે વપરાશ કરવામાં આવતો હોય તેમજ વપરાશમાં ફેરફાર થયેલ હોય તો આકારણી રીવાઈઝ કરાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશને નકકી કરેલ ફોર્મમાં અરજી સાથે

**(૧) રહેઠાણ માટે** મિલકતના માલિકીના પુરાવાની પ્રમાણિત નકલ, જમીન માલિકીનો ૭/૧૨ નો ઉતારો, ઓર્ગેનાઈઝર પાસેથી કબજો મેળવ્યો હોય તો તેની કબજા પહોંચની પ્રમાણિત નકલ, રેશનકાર્ડ, ગેસ કનેકશનના પુરાવા તથા

**(૨) બીનરહેઠાણ માટે** ગુમાસ્તાધારાનુ લાઈસન્સ, સેલ્સ ટેકસ રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ, વીજળીનુ બીલ, ટેલિફોનનુ બિલ રજૂ કરવા.

**જમીનદોસ્ત થયેલ મિલકતના ટેકસના બિલો રદ કરાવવા માટે**

જૂની મિલકત જમીનદોસ્ત કયારે થઈ તેના પુરાવા, જુની મિલકત તોડી પાડયા અંગેની અરજી આપેલ હોય તેની પહોંચની ઝેરોક્ષ, નવી મિલકત બાંધવા અંગે પ્લાનની વિગત, બી.યુ.પરમીશન કયારે આપવામાં આવી છે તેની વિગત, નવી મિલકતની આકારણી ટેકસ ખાતા દ્વારા કયા વર્ષથી કરવામાં આવી છે તેની વિગત, રદ કરવાના બિલોની ઝેરોક્ષ નકલ સાથે નિયત ફોર્મમાં અરજી કરવાની હોય છે.

**સમગ્ર સમગ્ર મિલકતના કબજેદારમાં ફેરફાર કરાવવા માટે**

સમગ્ર મિલકતનુ એક બિલ આવતુ હોય તેના બદલે જગાના વપરાશ મુજબ મિલકતના ભાગલા પાડીને તે મુજબ ટેકસના બિલ મેળવવા માટે, અરજી ફોર્મ સાથે બિલની પ્રમાણિત નકલ, ભાડુઆત તાબે મિલકતના ભાડાના પુરાવામાં ભાડા કરારની પ્રમાણિત નકલ રજૂ કરવી.

**●મિલકતના કબજેદારમાં ફેરફાર કરાવવા માટે**

અરજી ફોર્મ સાથે જૂના ભાડુઆત મિલકત ખાલી કરી ગયાનો પુરાવો / કબજો સોંપ્યાનો પત્ર /કબજા કરારની નકલ, નવા ભાડુઆતનો ભાડા કરાર, ભાડુઆત ખાલી કરી ગયા હોય તો તે અંગે અ.મ્યુ.કોર્પો. ને જાણ કર્યા અંગે અગાઉ અરજી કરેલ હોય તો અરજી કાર્ડની નકલ, પ્રોપર્ટી ટેકસના છેલ્લા બિલની નકલ સામેલ રાખી નિયત ફોર્મમાં અરજી કરવાની છે.

**- મિલકત ખાલી / બીનવપરાશ (નોન યુઝ) અંગેની નોંધ રાખવા માટેઃ**

જે તે નાણાંકિય વર્ષમાં અરજી સાથે પ્રોપર્ટી ટેકસના બિલની નકલ રજૂ કરવાથી, જે તે નાણાંકિય વર્ષમાં મિલકત ૩૦ દિવસ કરતાં ઓછા સમય માટે ખાલી હશે તો મિલકતવેરાની રકમ મજરે મળી શકશે નહિ. જે દિવસે અરજી આપવામાં આવી હશે તે તારીખથી ખાલીનો લાભ મળી શકશે. દરેક નાણાંકીય વર્ષમાં મિલકત ખાલી રહેવાની હોય તો અગાઉથી અરજી કરવાની છે. વર્ષના અંતે ખાલીનો લાભ આપવામાં આવે છે.

**- મ્યુનિસિપલ વેલ્યુએશન અપીલના ચુકાદાનો અમલ કરવા માટે**

મ્યુનિસિપલ વેલ્યુએશન અપીલના ચુકાદાની પ્રમાણિત નકલ રજૂ કરવી. છેલ્લા બિલની પ્રમાણિત નકલ સાથે નિયત ફોર્મમાં અરજી કરવાની હોય છે.

**-એક જ મિલકતના બે બિલ આવતાં હોય તો વધારાનુ બિલ રદ કરવા બાબત.**

અરજી સાથે ચાલુ બિલ તથા રદ કરવાના બિલની પ્રમાણિત નકલ સામેલ કરી નિયત ફોર્મમાં અરજી કરવાની હોય છે.

**- બી.પી.એમ.સી. એકટની કલમ ૪૮૫/૧,રૂલ-૨૦ તથા સરકયુલર નં.૧૪ મુજબ મિલકતની આકારણી ઘટાડવા માટે**

નવી ફોર્મ્યુલા અમલમાં આવ્યા બાદ નીચેનામાંથી કોઈપણ ફેકટરમાં ફેરફાર થાય તો ૪૮૫/૧ મુજબ મ્યુ.કોર્પોરેશનને અરજી કરવાથી ટેકસમાં ફેરફાર કરી આપવામાં આવે છે.

**કારપેટ એરીયાઃ** કોઈપણ મિલકતમાં કારપેટ એરીયામાં ફેરફાર હોય તો તે અંગે નિયત ફોર્મમાં અરજી કરવાથી સ્થળ તપાસના આધારે ફેરફાર કરી આપવામાં આવશે.

**ફેકટર-૨ મિલકતના બાંધકામના વર્ષમાં** ફેરફાર હોય તો ટેકસમાં ફેરફાર થાય. અરજીાર બાંધકામ વર્ષના પુરાવા સાથે અરજી આપે તો સ્થળ તપાસ કરી ટેકસ ઘટાડી આપવામાં આવશે .

**ફેકટર-૩ મિલકતના ઉપયોગ આધારિત** ફેરફાર થાય તો જરૂરી પુરાવા રજુ કરેથી અરજી કરવાથી ટેકસ ઘટાડી આપવામાં આવે છે.

**ફેકટર-૪ માલિકી સંબંધિત ફેકટર**માં એટલે કે ભાડવાતમાંથી માલિક થતા હોય પુરાવા સાથે અરજી કરવાથી તે મુજબ ફેકટરમાં ફેરફાર કરી આપવામાં આવે છે.

- **મિલકતના નામ ટ્રાન્સફર માટે**

અરજી સાથે નામ ટ્રાન્સફર કરવા માટે સિટી સર્વેની પ્રમાણિત નકલ, જો મિલકત રજીસ્ટર્ડ કો.ઓ.હા.સોસાયટીમાં હોય તો પઝેશન લેટર અને શેર ટ્રાન્સફરના ઠરાવની ચેરમેન અથવા સેક્રટરીની સહી સિકકાવાળી પ્રમાણિત નકલ, અથવા રજીસ્ટર્ડ દસ્તાવેજ અથવા ઈન્ડેક્ષની નકલ., અથવા કન્વેયન્સ ડીડની પ્રમાણિત નકલ જેના નામે મિલકત ટ્રાન્સફર કરવાની છે તેઓની અરજી ફોર્મના કોલમ નં.૯ માં મિલકત ખરીનાર બધાની સહી કરાવવી રજૂ કરવાથી કરી આપવામાં આવશે. આ મિલકતનો અરજી કર્યા તારીખ સુધીનો પૂરેપૂરો તમામ ટેકસ ભરી પહોંચની પ્રમાણિત નકલ સાથે નિયત ફોર્મમાં અરજી કરવાની છે.

**ક્રમાંક નં. ૨ થી ૧૦ નાીરેક ફોર્મની કિંમત રૂા.૨-૦૦ રાખવામાં આવેલ છે.**

**જાહેરનામાના અનુસંધાનમાં મ્યુનિસિપલ મિલકતવેરાના આકારણી અંગે વાંધા અરજી કરવા માટે**

દર વર્ષે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેકસના બિલ ઈસ્યુ કરતા પહેલા જાહેરજનતા પોતાની મિલકતનો ટેકસ કેટલો છે તે જાણી શકે તે માટે ૧૫ દિવસ સુધી એસેસમેન્ટ રજીસ્ટરો જોવા માટેની જાહેરાત બે વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. નાગરિકો વિનામૂલ્યે આવી નોંધ જોઈ શકે છે, તેનો ઉતારો કરી શકે છે અને નોંધ કે ટેકસ સામે કોઈ વાંધો હોય તો પુરાવા સાથે નિયત ફોર્મમાં નિયત સમયમર્યાદામાં અરજી કરી શકે છે. વાંધા અરજીના નિકાલ માટે એપેલેટ ઓફિસર ઉપરોકત અરજીની સુનાવણી કરી નિકાલ કરશે. એપેલેટ ઓફિસરના હુકમથી સંતોષ ન હોય તો આવો હુકમ મળ્યાના ૧૫ દિવસની અંદર સ્મોલ કોઝ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી શકાય છે. બિલ સામે ફરિયાદ કરી શકાતી નથી.

**ખાસ નોટિસ સામેની વાંધા અરજી અંગે**

હયાત મિલકતમાં કોઈ વધારાના બાંધકામના સમયે કે મિલકતનો વપરાશ માલિક તાબેથી ભાડુઆત તાબે થાય કે રહેઠાણમાંથી બીનરહેઠાણમાં વપરાશ બીલાવવાના લીધે ચાલતો ટેકસ વધારવાના સમયે કારણોની વિગત સાથે મિલકત ધારકને ખાસ નોટીસ આપવામાં આવે છે. સદરહુ નોટિસ મળ્યાના ૧૫ દિવસમાં વાંધાના કારણો-પૂરાવા સાથે વાંધા અરજી કરી શકાય અને અને આવી વાંધા અરજીનો નિકાલ જાહેરનામાના સંદર્ભમાં કરવામાં આવેલ વાંધા અરજીના નિકાલની જેમજ એપેલેટ ઓફિસર દ્વારા કરવામાં આવે છે.

**મિલકત વપરાશ / પુનઃ વપરાશ સમયે કરવાની ફરજીયાત જાણઃ**

કોઈપણ નવી મિલકત કે જૂની બંધ મિલકતનો પુનઃ વપરાશ શરૂ કર્યાના ૧૫ દિવસમાં મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બી.પી.એમ.સી. એકટના પરિશિષ્ટ એ ના પ્રકરણ-૮ ના રૂલ ૫ હેઠળ જાણ કરવી ફરજીયાત છે. નિયત કરવામાં આવેલ રીકવીઝીશન ફોર્મ મ્યુનિસિપલ કોર્પોરેશનની ઝોનલ કચેરીઓના ટેકસ વિભાગમાંથી વિના મૂલ્યે મળી શકશે. સમયમર્યાદામાં મિલકતના વપરાશ કે મિલકતમાં થયેલ વધારાના બાંધકામ, બદલાયેલ ઉપયોગના પ્રકાર કે ભાડુઆત અંગે જાણ કરવામાં ન આવે તો આવી મિલકતોનો ટેકસ, ટેકસ ખાતા દ્વારા પુરાવાના અભાવે કરવામાં આવે છે અને બી.પી.એમ.સી. એકટ પરિશિષ્ટ-એ ના પ્રકરણ ૮ ના રૂલ ૮(૩) ની જોગવાઈ મુજબ આવા ટેકસ સામે વાંધો લેવાને મિલકતના માલિક અથવા ભોગવટો કરનારને પ્રતિબંધ નડશે.

**●અરજી નિકાલની સમય મર્યાદા**

તમામ પૂરાવાઓ અરજી સાથે આપેલા હોય અને નવી ગણતરી મુજબ પૂરેપૂરો ટૅક્સ ભરપાઈ કરવામાં આવેલ હોય તો અરજીનો નીચે જણાવેલ સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

| અનુ. નંબર | **અરજીનો પ્રકાર** | **અરજીના નિકાલની સમય મર્યાદા** |
|---|---|---|
| ૧ | બી.પી.એમ.સી. એકટની કલમ ૪૮૫/૧,રૂલ ૨૦ તથા સરકયુલર નં. ૧૪ મુજબ મિલકતની આકારણી ઘટાડવા બાબત | ૧ માસ |
| ૨ | નવી મિલકતોનું એસેસમેન્ટ કરવા અગર તો જૂની મિલકત ભાડુઆત પાસેથી કરવામાં આવેલ ભાડાના વધારાને લઈ તેમજ વપરાશ ફેરફાર થયેલ હોઈ આકારણી રીવાઈઝ કરવા | ૧ માસ |
| ૩ | મિલકતના કર્બ્જેદારમાં ફેરફાર કરવા બાબત | ૧૫ દિવસ |
| ૪ | મિલકતના ઉપયોગના પ્રકારમાં ફેરફાર | ૧૫ દિવસ |
| ૫ | જમીનદોસ્ત થયેલ મિલકતના ટૅકસના બિલો રદકરવા | ૧ માસ |
| ૬ | સમગ્ર મિલકતનું એક બિલ આવે છે તેના બીલે જગાના વપરાશ મુજબ આકારણીના ભાગલા પાડીને તે મુજબ ટેકસ બિલ આપવા બાબત | ૧ માસ |
| ૭ | એક જ મિલકતના બે બિલ આવતા હોય તો વધારાનું બિલ રદ કરવા | ૧ માસ |
| ૮ | મિલકતના નામ ટ્રાન્સફર માટે | ૧૫ દિવસ |
| ૯ | અન્ય-સામાન્ય અરજીઓ | ૧૫ દિવસ |
| ૧૦ | મિલકત ખાલી / નોન યુઝ અંગે | વર્ષ પુરું થયા બાદ ૩૦ એપ્રિલ સુધી |
| ૧૧ | મ્યુ. વેલ્યુએશન અપીલના ચુકાદાનો અમલ લેવા અંગે | ૧૫ દિવસ |

**ઉપરોકત પ્રકારની અરજીઓના નિકાલ માટેની લઘુત્તમ સમય મર્યાદા ખાતા દ્વારા નિયત કરવામાં આવેલ છે. જો ઉપરોકત સમય મર્યાદામાં અરજીનો નિકાલ ન થાય તો સંબંધિત ઝોનનાં ડેપ્યુટી એસેસર ઍન્ડ ટૅકસ કલેકટરનો રૂબરૂ સંપર્ક કમકાજનાદિવસોએ ૩- ૦૦ થી ૫- ૦૦ માં કરવો.**

**બિલમાં નામ/ સરનામાં (સ્પેલીંગ) અંગેની ભૂલ માટે પૂરાવા સાથે સાદા કાગળ ઉપર અરજી કરવાથી તે અંગેનો નિકાલ કરવામાં આવશે.**

**આવી અરજીઓ કરવા જાહેર જનતાની અનુકુળતા માટે ખુબજ નજીવી કિંમતે છાપેલા ફોર્મ દફતર વિભાગ તથા દરેક ઝોન તથા દરેક સીવીક સેન્ટર ઉપરથી નાગરિકોને ઓફિસ સમયે વેચાણ આપવામાં આવે છે તેમજ ભરેલ ફોર્મ કોઈપણ ઝોનની અરજી આપી શકે તેવું આયોજન કરવામાં આવેલ છે. નીચે મુજબના કેશ કલેકશન કાઉન્ટરો રાખવામાં આવેલ છે.**

બિલ મળ્યાના ૧૫ દિવસમાં જો બિલ ભરવામાં ન આવે તો ટેકસ બીલમાં જણાવેલ રકમ તેમજ પાછલા વર્ષની બાકી રકમ નિયમ મુજબ કાયદાકીય જરૂરી પગલાં લઈ દંડ સાથે વસુલ કરવામાં આવે છે.

## (૨) અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો:-

### ઓફિસ ઓર્ડર નં.૨૯ તા. ૧૩.૦૯.૨૦૦૫

હવેથી ટેક્ષ ખાતામાં કોઈપણ મિલકતનો ટેક્ષ કમી કરવાનો થતો હોય (જુની તથા નવી ફોર્મ્યુલા) તો તે ફાઈલની મંજુરી અર્થે નીચે જણાવ્યા મુજબના ફેરફાર અનુસાર જે તે અધિકારીશ્રીએ કાર્યવાહી કરવાની રહેશે.

(૧) જો કોઈપણ મિલકતનો ટેક્ષ રૂા.૨૫,૦૦૦/- સુધી કમી થતો હશે તો જે તે ઝોનના ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીએ તે અંગે અંતિમ નિણર્ય લેવાનો રહેશે.

(૨) જો કોઈપણ મિલકતનો ટેક્ષ રૂા.૨૫,૦૦૧ થી ૫૦,૦૦૦/- સુધી કમી થતો હશે તો જે તે ઝોનના ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીએ તેની મંજુરી અર્થે એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીને મુકવાની રહેશે અને એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીએ તે અંગે અંતિમ નિણર્ય લેવાનો રહેશે

(૩) જો કોઈપણ મિલકતનો ટેકસ રૂા.૫૦,૦૦૧/- થી રૂા.૫,૦૦,૦૦૦/- સુધી કમી થતો હશે તો ઓછામાં ઓછા ત્રણ ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રી અને એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની કમીટીએ ફાઈલ જે તે ઝોનના ડે.મ્યુ.કમિશનરશ્રી સમક્ષ મંજૂરી અર્થે મુકવાની રહેશે અને તે અંગેનો અંતિમ નિર્ણય તેમણે લેવાનો રહેશે.

(૪) જો કોઈપણ મિલકતનો ટેકસ રૂા.૫,૦૦,૦૦૦/- કરતાં વધુ કમી થતો હશે તમામ ડે.એસેસર અને ટેક્ષ કલેકટરશ્રી અને એસેસર અને ટેક્ષ કલેકટરશ્રીની કમીટીએ તેની ભલામણ ડે.મ્યુ.કમિશનર (ઝોન)શ્રીને નીચે જણાવ્યા મુજબની કમિટીને કરવાની રહેશે અને સદરહુ કમીટીએ તે અંગેની મંજુરી આપવાની રહેશે .

| **સંબંધિત ઝોનની ફાઈલ** | **કમિટી** |
|---|---|
| પૂર્વ ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ. કમિ. શ્રી (પૂર્વ ઝોન) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (ઉત્તર ઝોન) |
| પશ્ચિમ ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ.કમિ.શ્રી (પૂર્વ ઝોન) + ડે.મ્યુ.કમિ.શ્રી (પશ્ચિમ ઝોન) |
| મધ્ય ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ.કમિ.શ્રી (મધ્ય ઝોન) ડે.મ્યુનિ.કમિ.શ્રી (પશ્ચિમ ઝોન) |
| ઉત્તર ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ.કમિ.શ્રી (દક્ષિણ ઝોન)+ ડે. મ્યુનિ. કમિ.શ્રી (ઉત્તર ઝોન) |
| દક્ષિણ ઝોન | ડે.મ્યુનિ.કમિ. શ્રી (ટેક્ષ) + ડે.મ્યુનિ. કમિ. શ્રી (નાણાં) +<br>ડે.મ્યુનિ. કમિ.શ્રી (દક્ષિણ ઝોન) + ડે.મ્યુનિ. કમિ.શ્રી (મધ્ય ઝોન) |

આ અગાઉ કરેલ ઓફિસ ઓર્ડર નં.૨૬ તા.૧૮-૦૮-૨૦૦૫ રદ થવાને પાત્ર રહેશે.

સહીઃ અનિલ મુકીમ

**મ્યુનિસિપલ કમિશનર**

## (૩) નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીતીઃ-

મ્યુનિ.ટેકસના નીતિ-નિયમો જોગવાઇ તથા થયેલ પાવર્સ ડેલીગેશન મુજબ જે-તે સત્તાધિકારે દ્વારા નિર્ણય લેવામાં આવે છે. જે વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

## (૪) કાર્યો બજાવવા માટે નકકી કરેલા ધોરણોઃ-

કરદાતા દ્વારા મ્યુનિ.ટેક્ષને લગતી આવેલ અરજીઓનો ટેક્ષના નીતિ-નિયમો,ધારા-ધોરણો,પરિપત્ર વખતોવખત સમયમર્યાદા માટે અમલી બનતી ઇન્સેન્ટીવ સ્કીમ મુજબ સક્ષમ સત્તાની મંજુરી મેળવી નિકાલ કરવામાં આવે છે. જે વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

## (૫) કાર્યો બજાવવા માટે ઉપયોગમાં લેવાતા નિયમો,વિનિમયો વિ.

ટેક્ષ ખાતા દ્વારા થયેલ પરિપત્ર,નવી ફોર્મ્યુલા ટેક્ષ પધ્ધતિના નીતિ-નિયમો, સુચનાત્મક આદેશો જે વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.જે મુજબ કરદાતાઓની અરજીઓનો નીતિ-નિયમોનુસાર નિકાલ કરવામં આવે છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**એસેસમેન્ટ એન્ડ ટેકસ કલેકશન ડિપાર્ટમેન્ટ**

**સરકયુલર નંબરઃ ૧ /૨૦૦૬-૨૦૦૭**

આથી તમામ ઝોનના ડે.એસેસર અને ટેકસ કલેકટરશ્રીને જણાવવાનું કે સને ૨૦૦૫-૦૬ માં સરકયુલર નં.૩ માં જણાવ્યા મુજબની સ્કીમનો અમલ તા.૩૧-૦૩-૨૦૦૬ સુધી કરવામાં આવેલ અને તે વનટાઈમ સેટલમેન્ટ તરીકે ગણાશે તે મુજબ તા.૩૧-૦૩-૦૬ પછી આ સ્કીમ અમલમાં રહેતી ન હોવાથી, હવે તા.૦૧-૦૪-૦૬ પછી જુના ઓફિસ ઓર્ડર નં.૩૫૪૨ તા.૦૪-૦૬-૨૦૦૨ નો અમલ ચાલુ કરી ટેક્ષ કમીનો લાભ કરીતાને આપવો. પરંતુ આ ઓફિસ ઓર્ડર મુજબ થતો પ્રોપર્ટી ટેકસ નવી ફોર્મ્યુલાના ટેકસ કરતાં ઓછો હોવો જોઈએ નહિ તથા જે તારીખે મંજુરી આપવામાં આવતી હોય તે તારીખના રોજ જેટલા વર્ષ - માસનો જુની ફોર્મ્યુલાનો મિલકતવેરો બાકી હશે તેટલા વર્ષ-માસ માટે મળી શકશે. આનો લાભ બંધ મિલોને લાગુ પડશે નહીં.

**સહીઃ યુ.સી.પડિયા**

તા. ૧૩-૦૪-૨૦૦૬ **ડે.મ્યુ.કમિશનર (ટેકસ)**

**નકલ રવાનાઃ**

**૧. તમામ ઝોનના ડે.એસેસર અને ટેકસ કલેકટરશ્રી**
**૨. તમામ ઝોનના આસિ.મેનેજરશ્રી**
**૩. તમામ ઝોનના ડી.સુ.શ્રી**
**૪. સરકયુલર ફાઈલે**

## OFFICE ORDER NO.3542

Where as it is decided to settle all cases pending in Small Cause Court in respect of Tax Valuation appeals through Lok Adalat as well as pre litigation cases pending at zoneoffices of Tax Department and it is felt necessary to delegate powers to the officers of the Tax Department to settle the cases in the Lok Adalat as well as Zopne offices.

Therefore in exercise of powers vested under section 69(1) of the B.P.M.C. Act 1949, the Municipal Commissioner of the City of Ahmedabad, hereby empowers, subject to his revision and control, the Dy.Assessor & Tax Collector (Zones), Assessor & Tax Collector in respect of special properties exces 2(c) to exercise, perform or discharge the powers, duties or functions vested in him as per schedule appended hereto and signed by him.

SD: P. Paneervel

Date:4-6-02 Municipal Commissioner

## SCHEDULE

The above officers of Tax Department will have powers to settle the cases regarding Tax Valuation Appeals pending in the Small Causes Courts as well as pre-litigation cases pending at Zonal Offices of Tax Department taking into consideration the following guidelines:-

He will settle the cases in Lok Adalat as well as at Zonal Officers as per following proposed L.R.

[1] Proposed lating rates for the commercial offices, banks, shops, hotels etc.

| ZONE | | L.R. as per old formula | Proposed L.R. |
|---|---|---|---|
| **A)** | **Central Zone** | | |
| 1) | Properties situated in Shahibaug, Relief Road and Gandhi Road area | 35/25 | 22 |
| 2) | All properties of the Central Zone except clause (1) | 22/20 | 16 |
| **B)** | **East Zone** | | |
| 1) | All properties of the East Zone | 22/20 | 12 |
| **C)** | **West Zone** | | |
| 1) | Properties situated in the area of Gandhi Bridge to Income Tax High Court Crossing to C.G. Road upto Panchvati to Parimal Crossing, Ashram Road from Ushmanpura | 46/38 | 30 |

| | | | |
|---|---|---|---|
| | char rasta to Paldi rasta. | | |
| 2) | Properties situated in the area of from Paldi char rasta to Vasna Circle, Vadaj circle to Usmanpura char rasta to west of Sardar patel colony char rasta, University to L.D. Engineering College to Nehrunagar char rasta to Shreyas Crossing to Anjali Cinema char rasta, Inside Roads connecting C.G.Road & Ashram road & all properties situated on the 60' or more than 60' road in the west zone (except clause 1) | 38/30 | 30 |
| 3) | Properties situated in Gamtal and its internal surrounding areas properties, Sabarmati, Keshavnagar, Old Vadaj, New Vadaj, Naranpura, Ushmanpura, Navrangpura, Memnagar, Mithakhali, Madalpur, Vasna, Paldi, Kochrab etc. Properties situated at the internal roads of Gamtal and internal properties situated on roads of Gujarat Housing Board. All properties except clause 1 & 2 and situated on less the 60' wide road of west zone. | 27/22 | 22 |
| **D)** | **North Zone** | | |
| All properties of the North Zone | | 22/20 | 12 |
| **E)** | **South Zone** | | |
| **1)** | All properties Shopping Centres & markets situated from the end of Sarangpur Bridge to New Cloth market to Raipur Darwaja, All property situated from Maninagar Station to Rambauge to Pushpakunj Road. | 35/25 | 22 |
| **2)** | All properties situated in the South Zone except clause (1) above | 22/20 | 16 |

[2]

| | | |
|---|---|---|
| 1) | Properties: Private Nursery (Bal Mandir), Private and Govt. Schools, Private and Govt. Colleges, University Campus, Musuams, Community Hall, Social Instituate run by Public Charitable Trust (for the welfare of women, old people, deaf, dump and blind, physically handicapped, mentally retarded people) and non grantable schools. | 75% of the above proposed L.R. |

[3]

| | | |
|---|---|---|
| 1) | Properties :- Water tank, Water pump room, Drainage Pumping Stations, Dhobighat, Grantable Schools run by Public Charatiable Trust, Boarding-Loadging, Hostels, Dharmshala, Ashram & Library run by Public Charitable Trust and Religious Insitutions. | 50% of the above proposed L.R. |

[4]

| | | |
|---|---|---|
| 1) | For Manufacturing Units :- (Factories)<br><br>(in New & old limits of AMC) | Existing 50% Rebate Scheme |

[5]

| | | |
|---|---|---|
| 1) | For Rented Properties | Double L.R. of the above proposed L.R. |

[6]

| | |
|---|---|
| 1 | Applicants who hasn't filed cases in the court and the property tax is still pending will also be given the above benefits. |

SD: P. Paneervel

Date:4-6-02 Municipal Commissioner

Copy to:-

(1) All Dy.Mcs.

(2) Muni.Secretary Shri

(3) Muni.Chief Auditor Shri

(4) Asst.M.C.

(5) Chief Accountant

(6) Assessor & Tax Collector

(7) Dy. A & C (Zones)

(8) Labour Officer (I.R.)

(9) C.O.(B&C)

(10) A.M.(C.O.)

## સીટી સિવિક સેન્ટરની યાદી

| અ.નં | ઝોન | સીટી સિવિક સેન્ટર | એડ્રેસ | ફોન નંબર |
|---|---|---|---|---|
| ૧ | પશ્ચિમ | લો ગાર્ડન | ગુજરાત લો સોસાયટીના મુખ્ય દરવાજા સામે, એલીસબ્રીજ, અમીાવાી-૩૮૦૦૦૬ | ૨૬૫૬૦૭૨૭<br>૨૬૪૦૫૮૦૫ |
| ૨ | પશ્ચિમ | ઉસ્માનપુરા | ડો.રમણભાઈ પટેલ ભવન, ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમરોડ, અમદાવાદ ૩૮૦૦૧૩ | ૨૭૫૫૭૦૪૯<br>૨૭૫૫૧૯૬૫ |
| ૩ | પશ્ચિમ | વાસણા | વાસણા સિટી સિવિક સેન્ટર, સ્વીમીંગ પુલ બીલ્ડીંગ, ગોીાવરી ફલેટની સામે,વાસણા | ૩૦૯૧૦૨૪૧ |
| ૪ | પશ્ચિમ | નવાવાડજ | નવાવાડજ મસ્ટર ઓફિસ, નવાવાડજ સર્કલ, નવા વાડજ | ૨૭૬૪૦૨૬૬ |
| ૫ | ઉત્તર | નરોડા | રાજીવ ગાંધી ભવન, નરોડા રોડ, મેમ્કો ચાર રસ્તા પાસે, અમદાવાદ-૩૮૦૦૨૫ | ૨૨૮૪૪૬૪૨<br>૨૨૮૦૩૩૮૯ |
| ૬ | ઉત્તર | નરોડા-મુઠીયા | નરોડા મુઠીયા વોર્ડ ઓફિસ | ૨૨૮૧૧૨૩૧ |
| ૭ | ઉત્તર | સરદારનગર | સરદારનગર લાયબ્રેરી ભવન, સરદારનગર પોલીસ સ્ટેશન પાસે | ૨૨૮૬૨૦૪૪ |
| ૮ | ઉત્તર | સરસપુર | સરસપુર બાલભવન, કે.કે.આંખની હોસ્પીટલ પાસે, | ૨૨૧૩૮૦૯૩ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સરસપુર | |
| ૯ | દક્ષિણ | રામબાગ | મ્યુ.બાલભવન, મણિનગર ફાયર સ્ટેશનની સામે, રામબાગ,મણિનગર,અમદાવાદ-૮ | ૨૫૪૬૬૩૨૯<br>૨૫૪૫૩૯૦૬ |
| ૧૦ | દક્ષિણ | ઈસનપુર | ઈસનપુર વોર્ડ ઓફિસ | ૨૫૩૮૨૧૬૪ |
| ૧૧ | દક્ષિણ | બાગેફિરદોશ | બાગેફિર્દોશ વોર્ડ ઓફિસ | ૨૫૮૫૪૦૯૬ |
| ૧૨ | પૂર્વ | રખિયાલ | વિમળભાઈ મ્યુ. લાયબ્રેરી ભવન, રખિયાલ ચાર રસ્તા, અમદાવાદ-૩૮૦૦૨૧ | ૨૨૭૩૩૨૩૦<br>૨૨૭૭૧૬૮૯ |
| ૧૩ | પૂર્વ | વિરાટનગર | વિરાટનગર કેશ કલેકશન સેન્ટર, વિરાટનગર ઝોનલ ઓફિસ | ૩૨૯૮૧૨૪૩ |
| ૧૪ | મધ્ય | સરદારબાગ | સરીરબાગ, રૂપાલી સિનેમા સામે, લાલદરવાજા, અમદાવાદ-૩૮૦૦૦૧ | ૨૫૫૧૧૮૪૯<br>૨૫૫૧૧૫૨૩ |
| ૧૫ | મધ્ય | રીલીફ રોડ | રૂપમ સિનેમા સામે, રીલીફરોડ, અમદાવાદ | ૨૨૧૭૧૦૩૪ |
| ૧૬ | મધ્ય | ગિરધરનગર | ગિરધરનગર વોર્ડ ઓફિસ, ગિરધરનગર, | ૨૨૮૬૫૩૪૭ |
| ૧૭ | મધ્ય | દાણાપીઠ | સરીાર વલ્લભભાઈ પટેલ ભવન, મ્યુનિસિપલ કોર્પોરેશન કમ્પાઉન્ડ, દાણાપીઠ, અમીાવી-૩૮૦૦૦૧ | ૨૫૩૫૫૩૭૮ |
| ૧૮ | નવા પ.ઝોન | બોડકદેવ | બોડકદેવ સીટી સીવીક સેન્ટર, અતિથિ | ૩૨૯૮૧૩૮૨ |

| | |
|---|---|
| ડાઈનીંગ હોલની પાસે,જયદીપ ટાવર પાસે, શ્રધ્ધા પેટ્રોલ પંપની ગલીમાં | ૩૨૯૮૧૩૯૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૯ | નવા પ.ઝોન | વેજલપુર | વેજલપુર સીટીસીવીક સેન્ટર, જલતરંત પોલીસ સ્ટેશન પાસે, જલતરંગ બસ સ્ટેન્ડ અમદાવાદ | ૨૬૮૧૩૨૭૮ |
| ૨૦ | નવા પ.ઝોન | રાણીપ | રાણીપ સીટી સીવીક સેન્ટર, જુના નગર પાલિકા બીલ્ડીંગ, મહેશ પાર્ટી પ્લોટની સામે | ૨૭૫૨૩૪૦૯ |
| ૨૧ | નવા પ.ઝોન | ચાદલોડીયા | ચાંદલોડીયા સીટી સીવીક સેન્ટર, ચાંદલોડીયા | ૨૭૬૦૫૧૭૦ |
| ૨૨ | નવા પ.ઝોન | મેમનગર | મેમનગર ટેક્સ કલેકશન સેન્ટર, મેમનગર નગરપાલિકા ઓફિસ, | ૨૭૪૯૦૬૧૭<br>૨૭૪૯૪૯૬૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | માનવમંદિર પાસે | |
| ૨૩ | નવા પ.ઝોન | વસ્ત્રાપુર | વસ્ત્રાપુર ટેકસ કલેકશન સેન્ટર, વસ્ત્રાપુર નગર પાલિકા ઓફિસ | ૩૨૯૮૪૧૪૨ |
| ૨૪ | નવા પ.ઝોન | ઘાટલોડીયા | ઘાટલોડીયા નગરપાલિકા કચેરી | |
| ૨૫ | કાલુપુર કોમર્શિયલ બેન્ક | | જે તે બ્રાન્ચો | |

## મ્યુનિસિપલ પ્રોપર્ટી ટેકસના કર દરની નવી ફોર્મ્યુલા મુજબ માહિતી

## (અમલ તા.૧-૪-૨૦૦૧)

## સામાન્યવેરાની ગણત્રીની ફોર્મ્યુલા

**સામાન્યવેરો = વાર્ષિકદર x મિલકતનુ ક્ષેત્રફળ x ( ફેકટરઃ૧ x ફેકટરઃ૨ x ફેકટરઃ૩ x ફેકટરઃ૪ )**

**<u>વાર્ષિક દર :</u>**

*ઉપરોકત ફોર્મ્યુલામાં મિલકતનો વાર્ષિકદર ચો.મીટર દીઠ મ્યુનિસિપલ કોર્પોરેશન દર વર્ષે બજેટ મંજૂર કરતી વખતે જાહેર કરશે અને દર નકકી કરતી વખતે કોર્પોરેશને આગામી વર્ષ દરમ્યાન કોર્પોરેશનની નાણાંકિય જરૂરિયાતો લક્ષમાં લેશે.*

### મિલકતનું ક્ષેત્રફળ :

મિલકતનું ક્ષેત્રફળ આકારણી હેઠળની મિલકતના કારપેટ એરીયા ઉપરથી નકકી કરવામાં આવશે. કારપેટ એરીયા ગણતી વખતે મિલકતની બાહય અને આંતરિક દિવાલો હેઠળના ક્ષેત્રફળ સિવાયનું મિલકતનું તમામ ક્ષેત્રફળ ધ્યાને લેવાનુ રહેશે.

**વર્ષ ૨૦૦૮/૨૦૦૯ માટે રહેઠાણની મિલકતો માટનો પ્રતિ ચો.મી.વાર્ષિક દર રૂા.૧૦/- અને બિનરહેઠાણની મિલકતો માટેનો પ્રતિ ચો.મી. વાર્ષિક દર રૂા.૨૨/- નકકી કરવામાં આવેલ છે.**

## ફેકટરના પ્રકાર અને ફેકટર લાગુ પાડવાની પદ્ધતિ

### ફેકટર -: ૧ : સ્થળ પરિસ્થિતિ (Location) અંગેનો ફેકટર

અમદાવાદ શહેરનો કેટલોક વિસ્તાર સમૃધ્ધ છે, કેટલોક મધ્યમ કક્ષાનો છે અને કેટલાક વિસ્તારમાં ગરીબ પ્રજા રહે છે તેથી અલગ અલગ વિસ્તારની સમૃધ્ધિને લક્ષમાં લઈને સ્થળ સ્થિતિ અંગે ફેકટર લાગુ પાડવાના રહે છે *તેથી પ્રવર્તમાન જમીનની કિંમત પરથી (અ) સમૃધ્ધ વિસ્તાર (બ) સારો વિસ્તાર (ક) મધ્યમ વિસ્તાર (ડ) નબળો વિસ્તાર એમ ચાર વિભાગ* પાડેલ છે.

| રહેઠાણ ની મિલકતો માટે | અવયવ |
|---|---|
| | |

| | |
|---|---|
| સમૃદ્ધ વિસ્તાર | ૧.૬૦ |
| સારો વિસ્તાર | ૧.૧૦ |
| મધ્યમ વિસ્તાર | ૦.૯૦ |
| નબળો વિસ્તાર | ૦.૬૦ |

બિનરહેઠાણની મિલકતનો માટે વિસ્તારનુ વિભાજન વધુ વાણિજય શકયતાઓ ધ્યાનમાં રાખીને કરેલ છે. સારી વાણિજય શકયતાવાળા વિસ્તારનો અવયવનો દર ઉંચો રાખવામાં આવેલ છે જયારે નબળા વાણિજય શકયતાવાળા વિસ્તારનો અવયવનો દર નીચો રાખવામાં આવેલ છે. આ અવયવોની કિંમત નીચે મુજબ રાખેલ છે.

| **બીનરહેઠાણ ની મિલકતો માટે** | **અવયવ** |
|---|---|
| **ખૂબ જ સારી** | ૧.૬૦ |
| સારી | ૧.૧૦ |
| મધ્યમ | ૦.૯૦ |
| નબળી | ૦.૬૦ |

*રાજ્ય સરકારના સ્ટેમ્પ્સ ડયુટી વિભાગ દ્વારા શહેરના જુદા જુદા વિસ્તારો માટે જમીનની કિંમતો નકકી થાય છે તેનો આધાર લઈને શહેરના આ પ્રમાણે વિભાજન કરવામાં આવશે.*

**ફેકટર : ૨ મિલકતના બાંધકામના વર્ષ આધારિત ફેકટર**

| **અ.નં.** | **મિલકતની ઉંમર** | **અવયવનોીર** |
|---|---|---|
| ૧ | દશ વર્ષ કે તેથી ઓછા સમયની | ૧.૦૦ |
| ૨ | દશ વર્ષથી વધુ પરંતુ વીશ વર્ષ સુધી | *૦.૮૫* |
| ૩ | વીશ વર્ષથી વધુ પરંતુ ત્રીસ વર્ષ સુધી | *૦.૭૦* |
| ૪ | ત્રીસ વર્ષથી વધુ પરંતુ ચાલીસ વર્ષ સુધી | *૦.૬૦* |
| ૫ | ચાલીસ વર્ષ કરતાં વધુ સમયની | *૦.૫૦* |

## ફેકટર : ૩

## (અ) રહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેકટરઃ

અમદાવાદ *શહેરમાં રહેઠાણવાળી મિલકતોના જુદા જુદા પ્રકારો છેઃ*

*(૧)ઝુંપડા (૨)ચાલી (૩) પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો (૪) ફલેટ (૫) રોહાઉસ-ટેનામેન્ટ (૬) સ્વતંત્ર બંગલા*

*શહેરમાં આવેલી તમામ રહેણાંકની મિલકતોને ઉપરના પ્રકારો મુજબ વહેંચી તેના માટે નીચે મુજબના અવયવના દર રાખેલ છે.*

| અ.નં | મિલકતોનો પ્રકાર | અવયવનોદર |
|---|---|---|
| ૧ | ચાલી (૨૫ *ચો.મી. કરતાં* વધુ ) | *૦.૫૦* |
| ૨ | પોળ અને ગામતળના રહેઠાણવાળા મકાનો | *૦.૭૦* |
| ૩ | ફલેટ | *૦.૭૦* |
| ૪ | રો હાઉસ, ટેનામેન્ટ | *૧.૦૦* |
| ૫ | સ્વતંત્ર બંગલા | ૧.૫૦ |

**(બ) બિનરહેઠાણવાળી મિલકતોના પ્રકાર અંગેનો ફેકટરઃ**

અમદાવાદ શહેરમાં વસવાટ સિવાયની મિલકતો જેનો જુદા જુદા પ્રકારે વપરાશ થાય છે. વપરાશને લક્ષમાં લઈ નીચે મુજબનું વિભાજન કરવામાં આવેલ છે અને તેના અવયવો નીચે મુજબ રાખવામાં આવેલ છે.

**ક(૧) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૭.૦**

**<u>વાણિજિયક હેતુઓ :</u>**

બેન્ક, દવાખાનું, હોસ્પિટલ, કલીનીક, *પ્રસુતિગૃહ,* લેબો*રેટરી, કેન્દ્ર સરકારની કચેરી, રાજ્ય સરકારની કચેરી,સ્થાનિક મંડળોની કચેરી,* પોસ્ટ ઓફિસ, *વાણિજિયક અને/ અથવા ઔદ્યોગિક એકમોની કચેરી,* ઓઈલ કાું.ની ઓફિસ, વિવિધ કોર્પોરેશનની ઓફિસો, ટયુશન *વર્ગો*, ટાઈપીંગ *સંસ્થા, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ* અને આ ખંડના બીજા કોઇ પણ પેટા ખંડમાં આવતી ન હોય તે ઇમારતો

**(૨) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૬.૦**

**<u>દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો વગેરેઃ-</u>**

*દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, મનોરંજનના સ્થળો,* ઓપન એર થીયેટર, પેટ્રોલ પંપ, સર્વીસ સ્ટેશન, સીનેમા, કલબ હાઉસ, જીમખાના, કલબની મેસ, લોજીંગ, લોજીંગ એન્ડ બોર્ડીંગ, પાર્ટી પ્લોટ (કોમ્યુનીટી હોલ સિવાય) ડીશ એન્ટેના,પેજર એન્ટેના *ટાવર,* સાઈન બોર્ડ, જાહેરખબરના પાટીયા, *મોબાઈલ ફોન ટાવર, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ.*

**(૩) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૨.૦**

**<u>ઔદ્યોગિક એકમો અને કારખાના (ફકત ઉત્પાદન તથા પ્રોસેસીંગ કરતી ઈમારતો માટે):-</u>**

*વીજળી કંપનીનું પાવર હાઉસ, વીજળી સબ-સ્ટેશન, એરેટેડ* વોટર ફેકટરી, ભઠ્ઠા, બ્રાસ વર્કસ, બ્રીક *અને સીરામીક વર્કસ, સીમેન્ટની વસ્તુઓ, કલે બનાવવાના એકમો,* કેમીકલ *ફેકટરી,* કન્ફેકશનરી, *ડેરી,* ડીસ્ટીલીયરી, ફાઉન્ડ્રી,

ફલોર ફેકટરી, આયર્ન ફેકટરી, ઝીન્ક ફેકટરી, સીલ્વર ઓર્નામેન્ટ ફેકટરી, જગરી બનાવવાનું *એકમ,લેધર મેન્યુફેકચરીંગ* યુનીટ, *ચુના ચક્કી, ચુના ભઠ્ઠી*, ઓઈલ એકસટ્રેશન, પેપર મેન્યુ., પ્લાસ્ટીક ફેકટરી, પોટરી, સાગોળ મેન્યુ., સોપ મેન્યુ., સુગર મેન્યુ.,ટીન ફેકટરી, તમાકુ ફેકટરી, વર્કશોપ, ફેકટરી સ્ટીમ ઝીલ, ઓટો ગેરેજ , ફેકટરી - એ, બી, સી, ડી, ઈ, એફ, મીલ, પાવરલુમ, હેન્ડલુમ, બોર્ન વોશીંગ, બ્લીચીંગ, કોટન સ્પીનીંગ અને ડાઈંગ, ડાઈંગ બ્લીચીંગ, ધાણીાળ ફેકટરી, લેધર પ્રોસેસીંગ, સ્કીન પ્રીન્ટીગ, સલ્ફર પ્રોસેસીંગ , સ્ટાર્ચ પ્રોસેસીંગ, વરીયાળી પ્રોસેસીંગ, વુલ પ્રોસેસીંગ, *કોલ્ડ* સ્ટોરેજ, *લાકડા પીઠા*, ભઠીયારખાના, રીપેરીંગ વર્કસ, *નર્સરી (ફુલ છોડ), એનીમલ માર્કેટ, ઢોરના તબેલા, પોલ્ટ્રી ફાર્મ, દુધાળા ઢોરનો તબેલો*, વે બ્રીજ, બાઈન્ડીંગ પ્રેસ, પ્રિન્ટીંગ પ્રેસ, પ્રોસેસ સ્ટુડીયો, ફોટો સ્ટુડીયો, *કોમન એફલ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ઉપરોક્ત ઈમારતોના ગોડાઉન તથા વેરહાઉસીસ*

**(૪) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં ૨.૦**

**શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓઃ-**

*ખાનગી નર્સરી (બાલમંદિર), ખાનગી અને સરકારી શાળાઓ*, ખાનગી *અને સરકારી* કોલેજો, *યુનિવર્સિટી કેમ્પસ, મ્યુઝીયમ, કોમ્યુનિટી હોલ, પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત સામાજિક સંસ્થાઓ (નારી સંરક્ષણ તથા ઉત્થાન, ઘરડાઘર, બહેરામુંગા, અંધજન, મંદબુધ્ધિ, શારીરિક ખોડખાંપણ સાથે સંકળાયેલી સંસ્થાઓ) તથા નોન ગ્રાન્ટેબલ શાળાઓ.*

**(ખ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર વધારી શકાશે નહિ અથવા ઘટાડી શકાશે નહિઃ**

પાણીની *ટાંકી, વોટર* પંપ રૂમ, *ડ્રેનેજ* પંપીંગ સ્ટેશન, ધોબીઘ*ાટ, પબ્લિક* ચેરીટેબલ ટ્રસ્ટ *દ્વારા ચલાવાતી ગ્રાન્ટેબલ શાળાઓ, પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ તથા ધાર્મિક સંસ્થાઓ દ્વારા ચલાવાતી હોય* તેવી બોર્ડીંગ-*લોજીંગ-હોસ્ટેલ*, ધર્મશાળા, આશ્રમ*, ગ્રંથાલય*

**(ગ) નીચે પ્રમાણે ઉપયોગ કરેલ ઈમારતોના સંબંધમાં, મુકરર કરેલ દર ,0.0 વડે ગુણતાં જે આવે તેટલો ઘટાડવો જોઈશે.**

મંદિર, મસ્જીદી, દેરાસર *(જૈન* મંદિર*)*, ચર્ચ, રોઝા, *કબર*, ગુરૂદ્વારા *(શીખ* મંદિર*)*, અપાસરા, દરગાહ, અગિયારી, સમાધિ, ગ્રેબયાર્ડ, કબ્રસ્તાન, સ્મશાગૃહ*, કુવો, હવાડો, હમામખાના (જાહેર બાથ), માટીના અખાડા, મદ્રેશા, પાઠશાળા, મફત પાણીની પરબ*

## ફેકટર : ૪ મિલકતનો ઉપયોગ કોણ કરે છે તેને આધારિત ફેકટરઃ

હાલમાં માલિક તાબે મિલકતોને ધણો જ ઓછો ટેકસ ભરવો પડે છે જયારે ભાડુઆતને વધારે ટેકસ આવે છે. બન્ને એકજ સરખી સવલતો ભોગવતા હોવા છતાં ટેકસમાં મોટો તફાવત રાખવો યોગ્ય જણાતો નથી.તેથી નવી ફોર્મ્યુલામાં મોટો તફાવત નહીં રાખતા ભાડુઆત તાબે મિલકતને થોડી રાહત આપવાનું યોગ્ય જણાયું છે.

| **અ.નં** | મિલકતનો ભોગવટા પરિબળ | **અવયવ** |
|---|---|---|
| ૧ | **માલિકના ભોગવટાવાળી મિલકતો** | ૧.૦૦ |
| ૨ | **ભાડવાતના ભોગવટાવાળી મિલકતો** | ૨.૦૦ |

*કલમ ૧૪૧ઈ (૧) તથા (૨) મુજબ શહેરની જે મિલકતો નોન-વોટર ઝોનમાં સમાવિષ્ટ થાય છે તેને તેના* સામાન્ય કર*માં ૧૫% રિબેટ આપવામાં આવશે તથા બીનરહેણાંકવાળી ગ્રાઉન્ડ ફલોર સિવાયની મિલકતોના* સામાન્ય *કરમાં ૨૦% રિબેટ આપવામાં આવશે.*

*આમ છતાં, ઓછામાં ઓછો* સામાન્ય વેરો *નીચે મુજબ રહેશે.*

(અ) રહેણાંકવાળી મિલકતો માટેઃ

| અ.નં | મિલકતનો પ્રકાર | મિલકતનુ માપ (ચો.મીટર) | લઘુત્તમ સામાન્ય વેરો |
|---|---|---|---|
| ૧ | ઝૂંપડા | -- | ૮૪.૦૦ |
| ૨ | ચાલી | ૨૫ ચો.મી. થી નાના | ૨૬૪.૦૦ |
| ૩ | અન્ય | ૩૦ ચો.મી. થી નાના | ૨૬૪.૦૦ |
| ૪ | અન્ય | ૩૦ ચો.મી. થી ૫૦ ચો.મી. સુધીના | ૩૦૦.૦૦ |
| ૫ | અન્ય | ૫૦ ચો.મી.થી વધુ | ૩૩૦.૦૦ |

**ઝુંપડા માટે મહત્તમ લઘુત્તમ** સામાન્ય **વેરો રૂ.૮૪/- તથા ૨૫ ચો.મી.થી નાના મકાનોવાળી ચાલીઓ માટે મહત્તમ લઘુત્તમ** સામાન્ય **વેરો રૂ. ૨૬૪/- રહેશે.**

(બ) બીનરહેણાંકવાળી મિલકતો માટેઃ

| અ.નં | મિલકતનો પ્રકાર | મિલકતનુ માપ (ચો.મીટર) | લઘુત્તમ સામાન્ય વેરો |
|---|---|---|---|
| ૧ | બિનરહેણાંક | ૧૫ ચો.મી. થી નાના | ૫૪૦.૦૦ |
| ૨ | બિનરહેણાંક | ૧૫ ચો.મી. થી ૩૦ ચો.મી. સુધીના | ૬૬૦.૦૦ |
| ૩ | બિનરહેણાંક | ૩૦ ચો.મી.થી વધુ | ૭૮૦.૦૦ |
| ૪ | પરિશિષ્ટ ડ અને ઈ માં દર્શાવેલ બિનરહેણાંક | ----- | ૯૦૦.૦૦ |

વોટર ટેકસઃ સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે કોન્ઝરવન્સી ટેકસઃ સામાન્ય વેરાના ૩૦% પ્રમાણે

પાણીના મીટર કનેકશન માટે પ્રોરેટા ચાર્જીસ પધ્ધતિ અનુસાર કનેકશનની સાઈઝ પ્રમાણે વાર્ષિક પ્રોરેટા ચાર્જ નીચે મુજબ લેવાય છે.

| માંગેલ કને.સાઈઝ | ૧/૨ ઈંચ | | |
|---|---|---|---|
| મેઈન લાઈનની સાઈઝ | ભરવાપાત્ર રકમ રૂપિયામાં | | |
| | રહેઠાણ રૂ.૩/- | કોમર્શીયલ રૂ.૮/- | એરકન્ડીશન/ ચણતર ફી રૂ.૨૦/- |
| ૩ ઈંચથી ૪ ઈંચ સુધી | ૮૭૯/- | ૨૩૪૪/- | ૫૮૬૦/- |
| ૪ ઈંચથી વધુ અને ૯ ઈંચ સુધી | ૧૦૬૫/- | ૨૮૪૦/- | ૭૧૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૯ ઈંચથી વધુ ૧૨ ઈંચ સુધી | ૧૩૦૫/- | ૩૪૮૦/- | ૮૭૦૦/- |

| ૩/૪ ઈંચ | | | ૧ ઈંચ | | |
|---|---|---|---|---|---|
| ભરવાપાત્ર રકમ (રૂપિયામાં) | | | ભરવાપાત્ર રકમ (રૂપિયામાં) | | |
| રહેઠાણ રૂા.૩/- | કોમર્શીયલ રૂા.૮/- | એરકન્ડીશન/ ચણતર ફી રૂા.૨૦/- | રહેઠાણ રૂા.૩/- | કોમર્શીયલ રૂા.૮/- | એરકન્ડીશન/ ચણતર ફી રૂા.૨૦/- |
| ૨૪૨૪/- | ૬૪૬૪/- | ૧૬૧૬૦/- | ૪૯૮૬/- | ૧૩૨૯૬/- | ૩૩૨૪૦/- |
| ૨૯૫૮/- | ૭૮૮૮/- | ૧૯૭૨૦/- | ૬૧૦૫/- | ૧૬૨૮૦/- | ૪૦૭૦૦/- |
| ૩૬૨૭/- | ૯૬૯૨/- | ૨૪૧૮૦/- | ૭૪૬૭/- | ૧૯૯૧૨/- | ૪૯૭૮૦/- |

**<u>અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ભેળવવામાં આવેલ નગરપાલિકા અને પંચાયતના વિસ્તારો માટે</u>**

બોમ્બે પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ની કલમ-૪૫૫ હેઠળ મળેલ સત્તાની રૂઈએ અમીાવાી મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં મિલ્કત વેરાની વસુલાત અંગે કારપેટ એરીયા બેઝ ફોર્મ્યુલા હેઠળ મિલકત વેરાની વસુલાત કરવા સંબંધિત ૨૦૦૧-૨૦૦૨થી અમલમાં મુકેલ બી.પી.એમ.સી. એકટની કલમ-૧૪૧(બી) મુજબની પ્રોપર્ટી ટેક્ષની કારપેટ એરીયા બેઇઝ, નવી ફોર્મ્યુલાના શીડયુલ-એ, પ્રકરણ-૮માં નિયમ-૮(છ)નો ઉમેરો.

**૮(છ) અમદાવાદ મહાનગરપાલિકાની હદમાં ભેળવવામાં આવેલ વિસ્તારો માટે મિલકત વેરાના ખાસ નિયમો.**

ગુજરાત સરકારશ્રીના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૫/૨૦૦૬/એએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી, તાઃ૧૪/૦૨/૨૦૦૬ થી ૭ (સાત) નગરપાલિકાઓના વિસ્તારોને તથા જાહેરનામા ક્રમાંકઃ કેવી/૨૧૧/૨૦૦૬/એએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી, તાઃ૨૦/૦૭/૨૦૦૬ થી ૧૦(ીસ) નગરપાલિકાઓ તથા ૩૦(ત્રીસ) ગ્રામપંચાયતોના વિસ્તારને અમીાવાી મહાનગરપાલિકાની હીમાં ભારતના બંધારણની કલમ ૨૪૩(કયુ)(૨) **ની જોગવાઈ હેઠળ સમાવેશ** કરવામાં આવેલ છે. આ તમામ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારને અમીાવાી મહાનગરપાલિકાની હીમાં સમાવવામાં આવતાં તેઓના વિસ્તારની મિલકતોનો મિલકત વેરો બી.પી.એમ.સી.એકટ, ૧૯૪૯ ની કલમ-૧૪૧(બી) મુજબ લેવાનો થાય છે પરંતુ આ વિસ્તારોના વિકાસને ધ્યાને રાખતાં આ વિસ્તારો સમાવતી વખતે જે મિલકતોની આકારણી થયેલ છે તેમજ જો કોઇ મિલકતની આકારણી થયેલ ન હોય પરંતુ તેનું બાંધકામ મહાનગરપાલિકામાં સમાવેશ થતાં પહેલાં પૂર્ણ થયેલ હોય તો તે અંગેના પુરાવા રજુ કરેથી આવી મિલકતો માટે લેવાનો થતો મિલકત વેરો તથા અન્ય કર/ચાર્જ નીચે મુજબના નિયમોથી લેવાના રહેશે.

૧. વર્ષ ૨૦૦૬-૨૦૦૭ માટે ઉપરોકત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરાયેલ નગરપાલિકાઓ તથા ગ્રામ પંચાયતોના વિસ્તારમાં આવેલ મિલકતોનો મિલકત વેરો જે તે નગરપાલિકા તથા ગ્રામ પંચાયતો પૈકી જયાં સમાવેશ થયા પહેલાં બીલીંગ થયેલ ના હોય તેવા

વિસ્તારોમાં વર્ષ ૨૦૦૫-૨૦૦૬નું મિલકત વેરો/ઘર વેરો તથા અન્ય કર/ચાર્જનું જે બીલ આપવામાં આવેલ છે તે મુજબ જ મિલકત વેરો/ઘર વેરો તથા અન્ય કર/ચાર્જ લેવાના રહેશે અને જેમાં બીલીંગ થઇ ગયેલ છે તેમાં તે બીલ મુજબ મિલકત વેરો લેવાનો રહેશે.

૨. વર્ષ ૨૦૦૭-૨૦૦૮થી ઉપરોકત વિસ્તારોમાં બી.પી.એમ.સી.એકટ, ૧૯૪૯ ની કલમ ૧૪૧(બી) મુજબ તથા તેના નિયમો ૮(ક) થી ૮(ચ) પ્રમાણે તથા અન્ય નિયમો મુજબ મિલકત વેરાની ગણતરી કરીને આખરી મિલકત વેરો તથા અમીવાી મહાનગરાપાલિકા દ્વારા નક્કી કરેલ વોટર સુઅરેજ ચાર્જની મળી જે રકમ આવે તે રકમ જે તે નગરપાલિકા/ગ્રામ પંચાયતના સને ૨૦૦૬-૨૦૦૭ની મિલકત વેરા/ઘર વેરા તથા અન્ય કર/ચાર્જ મળીને જે રકમ હોય તેના કરતાં વધારે થતી હોય તેવા કિસ્સામાં આ બંનેના તફાવતની રકમમાં નીચે મુજબ વર્ષ પ્રમાણે વળતર આપવામાં આવશે.

(અ) વર્ષ ૨૦૦૭-૨૦૦૮ના નાણાંકીય વર્ષ માટે ૭૫ ટકા વળતર આપવું.

(બ) વર્ષ ૨૦૦૮-૨૦૦૯ના નાણાંકીય વર્ષ માટે ૫૦ ટકા વળતર આપવું.

(ક) વર્ષ ૨૦૦૯-૨૦૧૦ના નાણાંકીય વર્ષ માટે ૨૫ ટકા વળતર આપવું.

(ડ) વર્ષ ૨૦૧૦-૨૦૧૧ના નાણાંકીય વર્ષથી ક્ષેત્રફળ આધારિત નવી પદ્ધતિ મુજબ ટેક્ષ લેવામાં આવશે.

પરંતુ આ વળતર બાી જે રકમ રહે તે મહાનગરપાલિકા માટે કલમ-૧૪૧(બી)(૫) મુજબ જે ઓછામાં ઓછો કર રાજ્ય સરકારે નક્કી કરેલ છે તથા નક્કી કરેલ વોટર સુઅરેજ ચાર્જ કરતાં ઓછો થવો જોઇએ નહી.

**શિક્ષણ ઉપકરના દરઃ**

શિક્ષણ ઉપકરના દરો ગુજરાજ એકટ નં.૧૦ ઓફ ૨૦૦૬ તા.૩૧-૩-૨૦૦૬ નીચે મુજબ છે.

| મિલકત વેરો | શિક્ષણ વેરાનો દર | |
|---|---|---|
| | રહેઠાણ | બીનરહેઠાણ |
| રૂા.૨૦૦ થી વધુ પરંતુ રૂા.૫૦૦ કે તેથી ઓછા મિલકતવેરા માટે | ૫ ટકા | ૧૦ ટકા |
| રૂા.૫૦૦ થી વધુ પરંતુ રૂા.૩૦૦૦ કે તેથી ઓછા મિલકતવેરા માટે | ૧૦ ટકા | ૨૦ ટકા |
| રૂા.૩૦૦૦ થી વધુ મિલકતવેરા માટે | ૧૫ ટકા | ૩૦ ટકા |

## <u>વ્યવસાયવેરા વિભાગ</u>

રાજ્ય સરકારે તા.૦૧-૧૦-૨૦૦૬ થી વ્યવસાયવેરાની કામગીરી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને કલેકટીંગ એજન્ટ તરીકે સોંપેલ. ત્યારબાદ તા.૧-૪-૨૦૦૮ થી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ડેઝીનેટેડ ઓથોરીટી તરીકે વેરો લાદવાની તથા વસુલ કરવાની તમામ કામગીરી સોંપવામાં આવેલ છે. વ્યવસાયવેરાને પાત્ર નવા કરદાતાઓની નોંધણી, જુના કરદાતા અને નવા કરદાતાઓની બાકી વેરાની વસુલાતની કામગીરી આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરાને લગતી તમામ કામગીરી નીચે જણાવેલ ઝોન પ્રમાણે કરવામાં આવે છે. તે માટે નીચે જણાવેલ અધિકારીનો સંપર્ક કરવો.

**વ્યવસાયવેરા ખાતાની કામગીરીઃ**

વ્યવસાયવેરા ખાતા દ્વારા વ્યવસાયવેરાને પાત્ર થતા હોય તેવા એનરોલમેન્ટ સર્ટિફિકેટ હોલ્ડર (ઈ.શી.હોલ્ડર) અને રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ હોલ્ડર (આર.સી.) ની વેરો લાદવાની તથા વસુલ કરવાની કામગીરી જે તે ઝોન દ્વારા ઉપર જણાવેલ અધિકારીઓ દ્વારા કરવામાં આવે છે. વ્યવસાયવેરો ભરવા માટે વ્યકિતએ નીચે મુજબની કાર્યવાહી કરવાની થાય.

૧. **એનરોલમેન્ટ સર્ટિફિકેટઃ** એનરોલમેન્ટ સર્ટિફિકેટ અ.મ્યુ.કોર્પોરેશનની હદમાં વ્યવસાય કરતાં ડોકટરો, વકીલો, એજન્ટો, કન્સલ્ટન્ટ, ટુર ટ્રાવેલ ઓપરેટરો, કમિશન એજન્ટો, એડવર્ટાઈઝીંગ એજન્સી, શેર દલાલો, ભાગીદારી પેઢીઓ, ફેકટરીઓ, ગુમાસ્તાધારા હેઠળ નોંધાયેલ તમામ પેઢીઓ, પબ્લિક અને પ્રાઈવેટ લીમીટેડ કંપનીઓ, નાણાં ધીરનારાઓ, સ્ટેમ્પ વેન્ડરો વિગેરે (વિગતવાર લીસ્ટ શીડયુલ ૧ ની એન્ટ્રી નં.ર થી ૧૦ જોવુ) ને **તા.૧-૪-૨૦૦૮ થી પોતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં દરેક બ્રાન્ચ માટે નોંધણી કરાવી રૂા.૨૦૦૦/- વ્યવસાયવેરો** અ.મ્યુ.કોર્પોરેશનના કોઈપણ સીટી સીવીક સેન્ટર ઉપર તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં ભરવાને પાત્ર થાય છે.

જે વ્યવસાયકારો વેટ હેઠળ ડીલર તરીકેની વ્યાખ્યામાં સમાવેશ થતો હોય તેમણે તા.૧-૪-૨૦૦૮ થી નીચે મુજબ વાર્ષિક વ્યવસાયવેરો ભરવાનો થાય છે.

૧. **રૂા.૨,૫૦,૦૦૦/- સુધી ટર્ન ઓવર હોય તો શૂન્ય**
૨. **રૂા.૨,૫૦,૦૦૦/- થી રૂા.૪,૯૯,૯૯૯/- રૂા.૫૦૦/-**
૩. **રૂા.૫,૦૦,૦૦૦ થી રૂા. ૯,૯૯,૯૯૯/- રૂા.૧૨૫૦/-**
૪. **રૂા.૧૦,૦૦,૦૦૦ થી વધુ રૂા.૨૪૦૦/-**

એનરોલમેન્ટ સર્ટિફિકેટ મેળવવા માટે વ્યવસાયકારે ફોર્મ નં.૩ માં જરૂરી વિગતો ભરી પ્રોપર્ટી ટેકસ બીલની નકલ, ગુમાસ્તાધારા હેઠળ નોંધણીની નકલ, પાન કાર્ડની નકલ, કંપની નોંધણીની નકલ, વેટ હેઠળ નોંધણીની નકલ જેવા આનુષાંગિક પુરાવાઓ રજુ કરવા જોઈએ.

**ફોર્મ નં.**૩ કોઈપણ સીટી સીવીક સેન્ટર અથવા ઝોનલ ઓફિસ પ્રોફેશનલ ટેકસ વિભાગમાંથી વિનામુલ્યે ઉપલબ્ધ છે. તેમજ આ ફોર્મ અ.મ્યુ.કોર્પોરેશનની વેબસાઈટ **www.egovamc.com**. પર પ્રોફેશનલ ટેકસમાં લીન્ક કરી ડાઉનલોડ કરી કોપી કાઢી શકાશે. વ્યવસાયવેરો ભરવા માટે કોઈપણ સીટી સીવીક સેન્ટર ઉપર રોકડેથી અથવા ચેક / ડીમાન્ડ ડ્રાફટ અમદાવાદ ખાતે પેયેબલ હોય તેવો મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ નામનો લખી ભરી શકાશે.ચેકની પાછળ નોંધણીનો નંબર, અરજદારનુ નામ, સરનામુ, ટેલિફોન નંબરની વિગત દર્શાવવી. વ્યવસાયવેરો ભરવા માટે કોઈ ચલણની જરૂરિયાત નથી.

૧. **રજીસ્ટ્રેશન સર્ટિફિકેટઃ** (આર.સી.) રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ અ.મ્યુ.કોર્પોરેશનની હદમાં જે એમ્પ્લોયર એક અથવા તેથી વધુ કર્મચારીઓને નોકરીએ રાખતા હોય અને તેઓ પગાર અથવા વેતનની ચુકવણી કરતાં હોય તેમણે રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવુ ફરજીયાત છે.

રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ મેળવવા માટે એમ્પ્લોયરે ફોર્મ નં.૧ માં જરૂરી વિગતો ભરી પ્રોપર્ટી ટેક્સ બીલની નકલ, ગુમાસ્તાધારા હેઠળ નોંધણીની નકલ, પાન કાર્ડની નકલ, કંપની નોંધણીની નકલ, વેટ હેઠળ નોંધણીની નકલ જેવા આનુષાંગિક પુરાવાઓ રજુ કરવા જોઈએ.

**ફોર્મ નં.૧** કોઈપણ સીટી સીવીક સેન્ટર અથવા ઝોનલ ઓફિસ પ્રોફેશનલ ટેકસ વિભાગમાંથી વિનામુલ્યે ઉપલબ્ધ છે. તેમજ આ ફોર્મ અ.મ્યુ.કોર્પોરેશનની વેબસાઈટ **www.egovamc.com**. પર પ્રોફેશનલ ટેકસમાં લીન્ક કરી ડાઉનલોડ કરી કોપી કાઢી શકાશે. વ્યવસાયવેરો ભરવા માટે કોઈપણ સીટી સીવીક સેન્ટર ઉપર રોકડેથી અથવા ચેક / ડીમાન્ડ ડ્રાફટ અમદાવાદ ખાતે પેયેબલ હોય તેવો મ્યુનિસિપલ કમિશનર, અમદાવાદ નામનો લખી ભરી શકાશે.ચેકની પાછળ નોંધણીનો નંબર, અરજદારનુ નામ, સરનામુ, ટેલિફોન નંબરની વિગત દર્શાવવી. વ્યવસાયવેરો ભરવા માટે કોઈ ચલણની જરૂરિયાત નથી.

જે એમ્પ્લોયરે ૨૦ કે તેથી ઓછા કર્મચારીઓ નોકરી ઉપર રાખ્યા હોય તેમણે નીચે જણાવેલા દરો મુજબ વેરો કાપી દર ત્રણ માસ પુરા થયા બાદ દિન-૧૫ માં તેમજ જે એમ્પ્લોયરે ૨૦ થી વધુ કર્મચારીઓ નોકરી ઉપર રાખ્યા હોય તેમણે નીચે જણાવેલા દરો મુજબ વેરો કાપી દર માસે માસ પુરો થયાના દિન-૧૫ માં કોઈપણ સીટી સીવીક સેન્ટર ઉપર વ્યવસાયવેરો ભરવાનો થાય.

**વેરાનો દર (તા.૧-૪-૨૦૦૮ થી અમલ)**

| ક્રમ | માસિક પગાર / વેતનની રકમ રૂા. | વ્યવસાયવેરાનો દર રૂા. |
|---|---|---|
| ૧ | રૂા.૩૦૦૦/- થી ઓછા | શુન્ય |
| ૨ | રૂા.૩૦૦૦/- અથવા તેથી વધુ પરંતુ રૂા.૬૦૦૦ થી ઓછા | ૨૦/- |
| ૩ | રૂા.૬૦૦૦/- અથવા તેથી વધુ પરંતુ રૂા.૯૦૦૦ થી ઓછા | ૮૦/- |
| ૪ | રૂા.૯૦૦૦/- અથવા તેથી વધુ પરંતુ રૂા.૧૨૦૦૦ થી ઓછા | ૧૫૦/- |
| ૫ | રૂા.૧૨૦૦૦/- અથવા તેથી વધુ | ૨૦૦/- |

ખાસ નોંધઃ- રાજય સરકારે તા.૧-૪-૨૦૦૮ થી અમલી બને તે રીતે શીડયુલ-૧ એન્ટ્રી નં.૧ એ જેમાં રાજય સરકાર, કેન્દ્ર સરકાર, પંચાયત તેમજ પબ્લિક સેકટર અન્ડરટેકીંગ ઓફ સ્ટેટ એન્ડ સેન્ટ્રલ ગર્વમેન્ટ અને ૧૦૦% ગ્રાન્ટ લેતી સંસ્થાઓ સિવાયના તમામ એમ્પ્લોયરને ફરજિયાતપણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં હોય તેમણે એમ્પ્લોયર તરીકેનો વ્યવસાયવેરો અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સીટી સીવીક સેન્ટર ઉપર ભરવાનો થાય જેની જાહેર જનતાને જાણ કરતી જાહેરાત તમામ અગ્રગણ્ય અખબારોના છેલ્લા પાના ઉપર તા.૨૧-૪-૨૦૦૮ અને તા.૯-૫-૨૦૦૮ ના રોજ આપવામાં આવેલ છે.

**અરજી / ફરિયાદઃ** વ્યવસાયવેરાની લગતી કોઈપણ પ્રકારની અરજી કે ફરિયાદ અથવા રજુઆત ઝોનલ ઓફિસના પ્રોફેશન ટેકસ વિભાગમાં આપી શકાશે.

વ્યવસાયવેરાની માહિતી

વ્યવસાયવેરાના દર, ફોર્મ નં.૧ , ફોર્મ નં.૩, ફોર્મ નં.૫ વ્યવસાયવેરો કોને લાગુ પડે છે તેની વિગતો તેમજ વ્યવસાયવેરાને લગતા પ્રશ્નો વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

## (૬) નિયંત્રણ હેઠળના દસ્તાવેજોના વર્ગોનું પત્રક :

મિલ્કતના મ્યુનિ.ટેક્ષના ડિમાન્ડ, માગણાની રકમ, ટેક્ષ ભર્યાની તથા બાકી ટેક્ષની કોમ્પ્યુટરાઇઝડ વિગતો તથા કરદાતાની અરજીઓ, નિકાલની કાર્યવાહીની વિગતો વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.

## (૭) નીતિ અથવા તેના અમલીકરણના ઘડતર સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમયની ગોઠવણની વિગતો :

જે-તે વોર્ડના વોર્ડ ઇન્સપેકટર, જે-તે બીટના ડીવીઝનલ સુપ્રિન્ટેન્ડેન્ટ, વિભાગના આસી.મેનેજર, હગોનના ડે.એસેસર એન્ડ ટેક્ષ કલેકટરશ્રી કક્ષાના અધિકારી/કર્મચારીનો જે-તે કરદાતા મ્યુનિ.ટેક્ષના પ્રશ્ન/મુશ્કેલી તથા અરજીના નિકાલ જેવી બાબતે ૩/૦૦ થી ૫/૩૦ દરમ્યાન રૂબરૂ સંપર્ક કરી શકે છે.

## (૮) બોર્ડ વિ.બેઠકો લોકો માટે ખુલ્લી છે, બેઠકોની કાર્યનોંધ લોકોને મળવાપાત્ર છે કે કેમ? :-

આ વિભાગને લાગુ પડતુ નથી.

## (૯) અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકાઃ-

### *ખાતાનું નામ: ટેક્ષ પશ્ચિમ ઝોન*

### *પે બીલ નં-૭૫*

ખાતાનું સરનામુ: ડૉ.રમણલાલ પટેલ ભવન ઉસ્માનપુરા,અમદાવાદ. ખાતાનો ટે.નં-૨૭૫૫૨૦૪૭

| અ.નં. | એમ્પ્લો નં. | કર્મચારીનુંનામ | હોદો/ગ્રેડ | વોર્ડ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૯૪૩૩ | શ્રીભાવિનભાઇ એ. પંડ્યા | ડે.એસે.એન્ડ ટેક્ષ કલેક્ટર ૧૫૬૦૦-૩૯૧૦૦ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૨ | ૮૯૭૪ | શ્રીહરેશભાઇ એ.પટેલ | આસી.મેનેજર<br>૯૩૦૦-૩૪૮૦૦ | પ૨૨ થી પ૨૮<br>પ૨૯ થી પ૩૬<br>પ૪૧ થી પ૪પ<br>પપ૧-પપ૨ | ઇન્ચાર્જ<br>પ૦૮ થી પ૧૪<br>પ૧પ થી પ૨૧ |
| ૦૩ | ૧૦૬૯ | શ્રીલોકેન્દ્રસિંહ રાઠોર | આસી.મેનેજર<br>૯૩૦૦-૩૪૮૦૦ | પ૦૧-પ૦૭ | |
| ૦૪ | ૭૦૪૩૨ | શ્રી મીલનભાઇ એચ શાહ | આસી.મેનેજર<br>૯૩૦૦-૩૪૮૦૦ | | |
| ૦પ | ૭૦૦૩૪ | શ્રી હિમાંશુભાઇ પટેલ | આસી.મેનેજર<br>૯૩૦૦-૩૪૮૦૦ | વ્ય.વેરો | |
| ૦૬ | | જગ્યા ખાલી | આસી.મેનેજર<br>૯૩૦૦-૩૪૮૦૦ | | |
| ૦૭ | ૨૦૦ | શ્રી હસુમતીબેન સોલંકી | ઓ.એસ.<br>૯૩૦૦-૩૪૮૦૦ | વ્ય.વેરો | |
| ૦૮ | ૭૨૦૦૨ | શ્રીરમેશભાઇ પટેલ | ઓ.એસ.<br>૯૩૦૦-૩૪૮૦૦ | વ્ય.વેરો | |
| ૦૯ | ૭૩૦૧૦ | શ્રીબાબીબેન રાજપૂત | જુ.લીગલ આસી.<br>ફીક્ષ પે-૬૦૦૦ | | |
| ૧૦ | ૬પ૬૩ | શ્રીકમલેશ પંડયા | ડી.સુ.<br>પ૨૦૦-૨૦૨૦૦ | પ૦૧-પ૦૭ | - |
| ૧૧ | ૮૪૮૯ | શ્રી સુનીલભાઇ પારગી | ડી.સુ.<br>પ૨૦૦-૨૦૨૦૦ | પ૦૮-પ૧૪ | |
| ૧૨ | પ૭૧૮ | શ્રી સોમાજી ડી.કટારા | ડી.સુ.<br>પ૨૦૦-૨૦૨૦૦ | પ૧પ-પ૨૧ | |
| ૧૩ | પ૬૭૪ | શ્રી દક્ષાબેન અધ્વર્યુ | ડી.સુ.<br>પ૨૦૦-૨૦૨૦૦ | પ૨૨-પ૨૮ | |
| ૧૪ | ૮૦૪૨ | શ્રીદીલીપભાઇ સુખવાણી | ડી.સુ.<br>પ૨૦૦-૨૦૨૦૦ | પ૨૯-પ૩૬ | |
| ૧પ | ૬પ૯૧ | શ્રી રૂપેશભાઇ ઝવેરી | ડી.સુ.<br>પ૨૦૦-૨૦૨૦૦ | પ૪૧-પ૪પ<br>પપ૧-પપ૨ | |
| ૧૬ | ૬પ૪૭ | શ્રી સ્મિતાબેન ગાંધી | હેડ કલાર્ક<br>પ૨૦૦-૨૦૨૦૦ | | |
| ૧૭ | ૬૮૪૩ | શ્રી જ્યંતીભાઇ શ્રોફ | ડે.શિરસ્તેદાર<br>પ૨૦૦-૨૦૨૦૦ | | |
| ૧૮ | ૭૪૧૩ | શ્રી પ્રેમજીભાઇ ભીમભાઇ દાફડા | વો.ઇ.<br>પ૨૦૦-૨૦૨૦૦ | પ૦૧ | |
| ૧૯ | | જગ્યા ખાલી | વો.ઇ.<br>પ૨૦૦-૨૦૨૦૦ | પ૦૨ | ઇન્ચાર્જ<br>વો.ઇ.મિહીરભાઇ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | રફાવાલા |
| ૨૦ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૦૩ | ઇન્ચાર્જ વો.ઇ.મહેન્દ્રભાઇ પટેલ (૫૦૫) |
| ૨૧ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૦૪ | ઇન્ચાર્જ વો.ઇ. જતીનભાઇ ઠાકર (૫૨૨) |
| ૨૨ | ૭૭૮૪ | શ્રી મહેન્દ્રભાઇ પટેલ | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૦૫ | |
| ૨૩ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૦૬ | હરેશભાઇ બારોટ હાજર થયેલ ન હોઇ ઇન્ચાર્જ વો.ઇ. પ્રેમજીભાઇ દાફડા (૦૫૦૧) |
| ૨૪ | ૬૬૬૪ | શ્રી જતીનભાઇ ઠાકર | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૦૭ | |
| ૨૫ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૦૮ | ઇન્ચાર્જ વો.ઇ. ગૌતમભાઇ ત્રિવેદી (૫૧૦) |
| ૨૬ | ૮૦૬૯ | શ્રી ડાહ્યાભાઇ પારેખ | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૦૯ | |
| ૨૭ | ૬૦૧૦ | શ્રી ગૌતમભાઇ એચ. ત્રિવેદી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૦ | |
| ૨૮ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૧ | ઇન્ચાર્જ વો.ઇ. પંકજભાઇ શાહ |
| ૨૯ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૨ | ઇન્ચાર્જ વો.ઇ. મનોજભાઇ ભાવસાર (૫૧૪) |
| ૩૦ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૩ | ઇન્ચાર્જ વો.ઇ. ધનંજયભાઇ પંડ્યા (જૂ.ક્લાર્ક) |
| ૩૧ | ૮૧૫૯ | શ્રી મનોજભાઇ ભાવસાર | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૪ | |
| ૩૨ | | | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૫ | વો.ઇ. હાજર થયેલ ન હોઇ ઇન્ચાર્જ વો.ઇ. શ્રી કલ્પેશભાઇ શાહ(૦૫૫૨) |
| ૩૩ | ૬૮૮૪ | શ્રી બળદેવભાઇ ચાવડા | વો.ઇ. | ૫૧૬ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૩૪ | ૭૯૯૪ | શ્રી અરવિંદસિંહ ચાવડા | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૭ | |
| ૩૫ | ૬૭૯૪ | શ્રી કલ્યાણીબેન પટેલ | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૮ | |
| ૩૬ | ૭૯૩૧ | શ્રી વિહોલ કનુસિંહ જે. | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૧૯ | ફાળવણી હોવાથી ઇન્ચાર્જ વો.ઇ. પ્રણવભાઇ મોદી જુ.કા. |
| ૩૭ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૦ | ઇન્ચાર્જ વો.ઇ. પીનાબેન પટેલ જુ.કા. |
| ૩૮ | ૬૭૭૨ | શ્રી મિહીરભાઇ ચ્હા વાલા | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૧ | |
| ૩૯ | ૯૨૪૨ | શ્રી રજનીભાઇ પટેલ | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૨ | |
| ૪૦ | ૯૦૭૨૭ | શ્રી અજીતભાઇ પટેલ | સીની.કલાર્ક ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૩ | |
| ૪૧ | | | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૪ | ઇન્ચાર્જ વો.ઇ. ડોડીયા ચંદુભાઇ જુ.કા. |
| ૪૨ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૫ | ઇન્ચાર્જ વો.ઇ. અજીતભાઇ પટેલ (૫૨૨) |
| ૪૩ | | | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૬ | ઇન્ચાર્જ વો.ઇ. ડોડીયા ચંદુભાઇ જુ.કા. |
| ૪૪ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૭ | ઇન્ચાર્જ વો.ઇ. રજનીભાઇ પટેલ |
| ૪૫ | | | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૮ | ઇન્ચાર્જ વો.ઇ. મીહીરભાઇ ચહાવાલા |
| ૪૬ | ૬૭૪૭ | શ્રી સ્વાતિબેન ઝવેરી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૨૯ | |
| ૪૭ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૩૦ | ઇન્ચાર્જ વો.ઇ. સુજલભાઇ શાહ જુ.કા. |
| ૪૮ | ૭૭૬૯ | શ્રી નરેશભાઇ પરમાર | વો.ઇ. | ૫૩૧ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૪૯ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૩૨ | ઇન્ચાર્જ વો.ઇ. નરેશભાઇ પરમાર (૫૩૧) |
| ૫૦ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૩૩ | ઇન્ચાર્જ વો.ઇ. સુજલભાઇ શાહ જુ.કા. |
| ૫૧ | ૩૦૮૭૪ | શ્રી ભરતભાઇ દવે | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૩૪ | |
| ૫૨ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૩૫ | ઇન્ચાર્જ વો.ઇ. હરગોવનભાઇ દેસાઇ (જૂ.ક્લાર્ક.) |
| ૫૩ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૩૬ | ઇન્ચાર્જ વો.ઇ. હરગોવનભાઇ દેસાઇ |
| ૫૪ | ૭૩૬૫ | શ્રી નટવરલાલ સોલંકી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૪૧ | |
| ૫૫ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૪૨ | ઇન્ચાર્જ વો.ઇ. જયેશભાઇ સોલંકી (જૂ.ક્લાર્ક) |
| ૫૬ | | જગ્યા ખાલી | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૪૩ | ઇન્ચાર્જ વો.ઇ. નટુભાઇ સોલંકી (જૂ.ક્લાર્ક) |
| ૫૭ | ૮૦૪૮ | શ્રી રાજેશભાઇ દવે | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૪૪ | |
| ૫૮ | - | -- | - | ૫૪૫ | ઇન્ચાર્જ વો.ઇ. નિતેશભાઇ પટેલ (જૂ.ક્લાર્ક.) |
| ૫૯ | ૬૯૪૧ | શ્રી જ્યંતિલાલ પ્રજાપતિ | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૫૧ | |
| ૬૦ | ૮૧૬૯ | શ્રી કલ્પેશભાઇ બી. શાહ | વો.ઇ. ૫૨૦૦-૨૦૨૦૦ | ૫૫૨ | |
| ૬૧ | -- | -- | -- | ૫૬૧ | ઇન્ચાર્જ વો.ઇ. ગૌતમભાઇ ત્રિવેદી (૫૧૦) |
| ૬૨ | ૭૨૦૦૨ | શ્રી રમેશભાઇ પટેલ | હેડ ક્લાર્ક ૫૨૦૦-૨૦૨૦૦ | વ્ય.વેરો | |
| ૬૩ | | જગ્યા ખાલી | સીની.ક્લાર્ક ૫૨૦૦-૨૦૨૦૦ | વ્ય.વેરો | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૪ | | જગ્યા ખાલી | સીની.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | વ્ય.વેરો | |
| ૬૫ | ૮૩૨૮ | શ્રી દિલીપભાઇ બ્રહ્મભટ્ટ | સીની.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | વ્ય.વેરો | |
| ૬૬ | ૬૨૬૭ | શ્રી નિરંજન સી.કુવાડિયા | સીની.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | વ્ય.વેરો | ફાળવણી |
| ૬૭ | ૭૮૧૪ | શ્રી હિતેન્દ્રભાઇ પટેલ | સીની.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | વ્ય.વેરો | |
| ૬૮ | | જગ્યા ખાલી | સીની.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | વ્ય.વેરો | |
| ૬૯ | ૮૫૮૯ | શ્રી ધનંજયભાઇ પંડ્યા | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૭૦ | ૮૬૨૯ | શ્રી પીનાબેન પટેલ | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૭૧ | ૮૬૫૧ | શ્રી અલકાબેન પટેલ | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૭૨ | ૮૬૭૬ | શ્રી શિલ્પાબેન હિંડોચા | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૭૩ | ૯૪૦૨ | શ્રી રીમાબેન કે.શાહ | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | ફાળવણી |
| ૭૪ | ૯૪૨૮ | શ્રી હંસાબેન સાવલિયા | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૭૫ | ૯૬૩૦ | શ્રી અમરીષભાઇ ત્રિવેદી | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૭૬ | ૯૮૧૧ | શ્રી પારૂલબેન ભાવસાર | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૭૭ | ૩૨૮૩૩ | શ્રી કૌશિકભાઇ પટેલ | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | ફાળવણી |
| ૭૮ | ૭૨૪૯૬ | શ્રી જયશ્રીબેન ઓઝા | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૭૯ | ૭૨૭૩૬ | શ્રી પ્રણવભાઇ મોદી | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૮૦ | ૭૨૮૫૧ | શ્રી સુજલભાઇ શાહ | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૮૧ | ૯૬૬૨ | શ્રી યજ્ઞાબેન ત્રિવેદી | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | ફાળવણી |
| ૮૨ | ૯૯૯૯ | શ્રી જયેશભાઇ શાહ | જૂનિ.ક્લાર્ક<br>૫૨૦૦-૨૦૨૦૦ | | ફાળવણી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૩ | ૩૪૮૦૯ | શ્રી નલીનીબેન પટેલ | જૂનિ.ક્લાર્ક ૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૮૪ | ૧૯૮૨ | શ્રી દિલીપભાઇ બાવા | જૂનિ.ક્લાર્ક ૫૨૦૦-૨૦૨૦૦ | | ફાળવણી |
| ૮૫ | ૮૭૬૬ | શ્રી ભાવનાબેન સોલંકી | જૂનિ.ક્લાર્ક ૫૨૦૦-૨૦૨૦૦ | વ્ય.વેરો | |
| ૮૬ | ૮૬૭ | શ્રી ઇશ્વરભાઇ દેસાઇ | મજૂર ૪૪૪૦-૭૪૪૦ | | |
| ૮૭ | ૩૨૯૪૯ | શ્રી રમેશભાઇ નાયક | પટાવાળા ૪૪૪૦-૭૪૪૦ | | |
| ૮૮ | ૩૩૯૨૯ | શ્રી લક્ષ્મણભાઇ ખેમચંદ | ફીટર ૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૮૯ | ૩૪૨૦૩ | શ્રી ધર્મેન્દ્રભાઇ ઇન્દ્રેકર | પટાવાળા ૪૪૪૦-૭૪૪૦ | | ફાળવણી |
| ૯૦ | ૩૪૨૦૯ | શ્રી અમૃતલાલ ચૌહાણ | પટાવાળા ૪૪૪૦-૭૪૪૦ | | |
| ૯૧ | ૩૪૫૪૧ | શ્રી જ્યંતિભાઇ પરમાર | પટાવાળા ૪૪૪૦-૭૪૪૦ | | ફાળવણી |
| ૯૨ | ૩૬૧૫૬ | શ્રી ગુણવંતભાઇ વાઘેલા | મજૂર ૪૪૪૦-૭૪૪૦ | | |
| ૯૩ | ૩૬૧૫૭ | શ્રી અતુલભાઇ અમીન | મજૂર ૪૪૪૦-૭૪૪૦ | | |
| ૯૪ | ૩૬૩૧૯ | શ્રી નાગબોધી રાહુલભાઇ | મજૂર ૪૪૪૦-૭૪૪૦ | | |
| ૯૫ | ૮૭૦૧૨ | શ્રીજાંગીડ સત્યનારાયણ | ફીટર ૫૨૦૦-૨૦૨૦૦ | | |
| ૯૬ | ૮૭૦૦૯ | શ્રી કેશવાભાઇ વાળા | ફીટર ૫૨૦૦-૨૦૨૦૦ | | |

## (૧૦) **તેઓને મળતા માસિક વળતર :-**

### **બીટ વિભાગની કચેરી તથા અધિકારીની માહિતી**

## (૧૧) **આર્થિક સહાય કાર્યક્રમો :-**

આ વિભાગને  લાગુ પડતુ નથી.

## (૧૨) **આપેલ છુટછાટ વિગેરે :-**

બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની જોગવાઇઓ, વખતોવખતના પરિપત્રો, આદેશ, જોગવાઇઓ સક્ષમ સત્તાની મંજુરી મુજબ બંધ ખાલી/ઇન્સેન્ટીવ રીબેટ વિગેરે લાભ આપવામાં આવે છે.

## (૧૩) ઈલેકટ્રોનિક સ્વરૂપમાં ઉપલબ્ધ વિગતો :-

ટેનામેન્ટ નંબર આધારિત મિલ્કતના ટેક્ષને લગતી તમામ માહિતી કોમ્પ્યુટરમાં અ.મ્યુ.કો.ની વેબસાઇટ www.egovamc.com પર ઉપલબ્ધ છે.

## (૧૪) ગ્રંથાલય અને વાંચનાલયની સુવિધાઓની વિગતો :-

આ વિભાગને લાગુ પડતુ નથી.

(૧૫) જાહેર માહિતી અધિકારીઓના નામો, હોદા

## આર.ટી.આઇ. અન્વયે ટેક્ષ પશ્ચિમ ઝોનના સ્ટાફની માહિતી

| | |
|---|---|
| જાહેર માહિતી અધિકારી | : આસી.મેનેજર શ્રી<br>(૧)શ્રીલોકેન્દ્રસિંહ રાઠોર વોર્ડ નં.૦૫૦૧-૦૫૦૭ |

| | |
|---|---|
| | ફોન નં.૨૭૫૫૨૦૪૭(એ.નં.૨૩૫) |
| | (૨)શ્રી મીલનભાઇ એચ. શાહ વોર્ડ નં.૦૫૨૨-૦૫૩૬<br>ફોન નં.૨૭૫૫૨૦૪૭(એ.નં.૨૨૦) |
| | (૩)શ્રી હરેશભાઇ પટેલ<br>વોર્ડ નં.૦૫૦૮-૦૫૨૧,૦૫૪૧- ૦૫૪૫ અને૫૫૧-૫૫૨<br>ફોન નં.૨૭૫૫૨૦૪૭(એ.નં.૨૨૯) |
| જે તે બીટના ટેક્ષ માહિતી અંગેના અપિલ અધિકારી બાબતની | : ડે.એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર<br>(પ.ઝોન)<br>શ્રીભાવિનભાઇપંડ્યા<br>ફોન નં.૨૭૫૫૨૦૪૭(એ.નં.૨૩૪) |
| સમગ્ર ટેક્ષ પશ્ચિમ ઝોન બાબતના જાહેર માહિતી અધિકારી : | ડે.એસેસરએન્ડટેક્ષકલેક્ટર<br>(પ.ઝોન) |
| સમગ્ર ટેક્ષ પશ્ચિમ ઝોન બાબતના અપીલ અધિકારી | શ્રી દેવાશિષ બેનરજી<br>એસેસર એન્ડ ટેક્ષ કલેક્ટર તથા<br>અપીલ અધિકારી<br>ફોન નં.૨૫૩૯૧૮૧૧<br>૫મો માળ,સરદાર પટેલ ભવન,<br>દાણાપીઠ,અમદાવાદ. |